આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- તૌફિક સમા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૦૭-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## સહકારથી સમૃધ્ધિ-કાર્યક્રમ

આકાશવાણી ભુજ આજથી શરૂ થતાં કચ્છી સંવત 2081ના નુતન વર્ષની સૌ શ્રોતાને હાર્દિક શુભકામનાઓ સાથે સમાચાર તૌફિક સમા વાંચે છે. નમસ્કાર...

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'સહકારથી સમૃદ્ધિ' કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવાની નેમ સાથે 102મા આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે 'સહકારથી સમૃદ્ધિ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ વેળા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીના હસ્તે ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને નેનો ખાતર ખરીદવા માટે 50% સહાય આપતી AGR-2 યોજનાનો આરંભ કરવામાં આવ્યો .

આ અવસરે NCOL દ્વારા નિર્મિત ‘ભારત ઓર્ગેનિક આટા’નું લોન્ચિંગ અને દિલ્હી ખાતે અમૂલ ડેરીની સૌપ્રથમ ઓર્ગેનિક શોપનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા ખેડૂતોને નેનો ખાતરની કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે નેનો ખાતરનો ઉપયોગ કરવા અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું..

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## બજેટ-2024-25

કેન્દ્ર સરકારના સંસદીયમંત્રી કિરણ રિજિજૂએ એક સોશિયલ મીડીયા પોસ્ટમાં જણાવ્યું છે કે નાણામંત્રી નિર્મલા સિતારામન આગામી 23 જુલાઈના વર્ષ

**2024-25ના વર્ષ માટેનું બજેટ  રજૂ કરશે. ઉલ્લેખનીય છે કે, નાણામંત્રી નિર્મલા સિતારમણ દેશનું સતત સાતમું  બજેટ  રજુ કરીને ઈતિહાસ રચશે.  આ પહેલાં મોરારજી દેસાઇએ સતત છ બજેટ રજૂ કર્યાં હતાં. સંસદનું બજેટ અધિવેશન 22 જુલાઇથી 12 ઓગસ્ટ સુધીનું રહેશે. ભારત સરકારની ભલામણ પ્રમાણે રાષ્ટ્રપતિએ સંસદનાં બંને ગૃહને બજેટ અધિવેશન માટે 22 જુલાઇથી 12 ઓગસ્ટ સુધી બહાલી આપી છે. અગાઉ લોકસભાની ચૂંટણી પહેલાં પહેલી ફેબ્રુઆરીએ સિતારામને નાણાકીય વર્ષ 2024 માટે વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું.**

**સરકાર લોકોનાં જીવનધોરણ સુધારવા પ્રયાસરત છે અને અગાઉની બે મોદી સરકારની નીતિઓને આ બજેટમાં આગળ વધારશે. આ વર્ષના બજેટમાં મધ્યમ વર્ગને કરમાળખાંમાં છૂટછાટ, મહિલા સશક્તિકરણ, કિસાનોની આવક વધારવા અને રોજગાર નિર્માણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાય તેવી સંભાવના છે.**

**(RNU અમદાવાદ)**

---

## મુખ્યમંત્રીનો નવતર અભિગમ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે છેવાડાના માનવી સુધી આરોગ્ય, શિક્ષણ, અન્ન વિતરણ અને બેન્કિંગ સેવાઓની કામગીરી જેવી વિવિધ પાયાની સુવિધાઓ સુનિશ્ચત કરવા 'લોકો માટે -  લોકો સાથે - લોકો વચ્ચે સરકાર' જેવો નવતર અભિગમ હાથ ધર્યો છે, જેના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા ક્લેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ પાસેથી સંબંધિત ગામની મુલાકાતોના પ્રતિભાવો સ્થળ ઉપરથી મેળવ્યા.

ઉલ્લેખનીય છે કે, આ નવતર અભિગમ હેઠળ રાજ્યના 33 જિલ્લાઓના એક એક ગામની ઓચિંતી સ્થળ મુલાકાત માટે જિલ્લાના વહીવટી વડાઓને સેવા સુવિધામાં નવીનત્તા માટે માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી હતી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજયપાલની કચ્છી નવા વર્ષની શુભેચ્છા

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કચ્છમાં અને કચ્છ બહાર વસતા સૌ કચ્છી ભાઈ-બહેનોને અષાઢીબીજના પવિત્ર પર્વની - કચ્છી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે.

આ અવસરે તેમણે કહ્યું કે, આ દિવસ આપણને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પરંપરાઓની પણ યાદ અપાવે છે.

અષાઢી બીજથી ખેતીનું નવું ચક્ર શરૂ થાય છે. ખેડૂતો નવા પાકની વાવણી શરૂ કરે છે. આ પર્વ નવી આશાઓ, નવી સંભાવનાઓ અને નવી ઊર્જાથી સભર છે. આપણે પ્રકૃતિ સાથેનું આપણું જોડાણ મજબૂત કરીએ અને પૃથ્વી માતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ.

કચ્છની ધરા હંમેશા તહેવારો અને પરંપરા માટે જાણીતી છે. રથયાત્રા અને અષાઢી બીજનો તહેવાર આપણી એકતા, ભાઈચારા અને સામૂહિકતાની ભાવનાને પણ મજબૂત બનાવે છે. કચ્છી નવું વર્ષ આપણા સૌ માટે સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય આપે એવી પ્રાર્થના સાથે સૌને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------------

## રથયાત્રા

રાજ્યભરમાં રથયાત્રાના પર્વ નિમિતે ભક્તિભાવ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કચ્છ, અમદાવાદ, ભાવનગર, પાટણ અને ગાંધીનગરમાં

યોજાનારી રથયાત્રાની તૈયારીઓને લઈ તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન જગન્નાથને મગ, ડ્રાયફ્રૂટ્સ અને ફળોના પ્રસાદ મંદિરમાં અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદમાં યોજાનારી પરંપરાગત 147મી રથયાત્રાની શાંતિ સલામતી સાથે ઉજવણી થાય એ માટે ઉચ્ચસ્તરીય બેઠકમાં ઝીણવટપૂર્વક સમીક્ષા કરી હતી.

કચ્છી નવા વર્ષ અષાઢીબીજના પર્વે ભુજ શહેરમાં પણ ભવ્ય રથયાત્રા યોજાશે આજે બપોરે 3 વાગ્યે ને 30 મિનિટે હમીરસર તળાવ પાસેના મહાદેવ ગેટ સર્કલથી સંતો મહતો અને મહાનુભાવોની ઉપસ્થિતમાં રથયાત્રા પ્રસ્થાન પામશે, જે શહેરના મુખ્ય માર્ગો પર ફરી નૂતન સ્વામિનારાયણ મંદિરે સમાપન થશે.

**(તૌફિક સમા/NP)**

---------------------------------------------------------------------------